# ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ – કેન્દ્રીય કપાસ સંશોધન કેન્દ્ર
## કપાસની ખેતી પધ્ધતિ માટે અઠવાડિક સલાહ (૨૮  ડીસેમ્બર થી ૩ જાન્યુઆરી, ૨૦૧૬)

**"આ સલાહ જે તે રાજયની કૃષિ યુનિવર્સિટીઓ પાસેથી મળેલ માહિતી મુજબ પ્રસિધ્ધ કરેલ છે"**

### ખેત આબોહવા સલાહ

| રાજય/ જીલ્લો | સલાહ – ૨૮  ડીસેમ્બર થી ૩ જાન્યુઆરી, ૨૦૧૬ |
|---|---|
| **ગુજરાત** | |
| અમરેલી<br>ભાવનગર<br>જામનગર<br>રાજકોટ<br>ભરૂચ<br>સાંબરકાંઠા<br>સુરેન્દ્રનગર<br>અમદાવાદ<br>વડોદરા<br>પાટણ<br>મહેસાણા | કપાસનો પાક છેલ્લી વીણી અવસ્થાએ છે. ખેડુતોનેકપાસની વીણી પુરી કરી, જાન્યુઆરી ૨૦૧૬ સુધીમાં પાક કાઢી નાંખવાની સલાહ આપવામાં આવે છે. પાકને સમયસર ખેતરમાંથી કાઢી નાંખવાથી ગુલાબી ઈયળનો ઉપદ્રવ ઘટશે અને તેથી બીટી કપાસ સામે વિકસતી પ્રતિકારકતા ઘટી શકે. કરસાંઠીઓના શેઢાપાળા ઉપર સંગ્રહ કરવાની જગ્યાએ કરસાંઠીઓનો અને છોડના અવશેષોનાં નાના ટુકડાઓ કરી કોહડાવીને કંપોસ્ટ બનાવવા વાપરી શકાય. વધુ ઉપદ્રવિત ખેતરોની કરસાંઠીઓને બાળીને નાશ કરવો. ગોડાઉન અથવા ઘરે સંગ્રહિત કરેલ કપાસમાંથી ગુલાબી ઈયળનો ફેર–ઉપદ્રવ થવાની શકયતા રહેલી હોય છે. જો આવા કપાસનાં બીજમાં ગુલાબી ઈયળનો ઉપદ્રવ જોવા મળે તો તાત્કાલીક બાળીને નાશ કરવો. વીણી વખતે ચોખ્ખો કપાસ ભેગો કરી ચોખ્ખી કાપડની બેગમાં ભરવો જરૂરી છે. વીણી કરેલ કપાસનો સંગ્રહ કંતાનની બેગમાં કરવાનું ટાળવું અન્યથા ફેર ઉપદ્રવની શકયતા વધી જાય છે. |